ॐ

શ્રી પરમકૃપાળુદેવાય નમઃ

નાટક સમયસાર

શિબિર - ૧૮

સંવર દ્વાર (છંદ ૧-૧૧)

**WORKSHEET** **Marks: 50**

Name: .................................... Tel. No.: .................................. Group: ................................ Zone: ..........................

**(I) નીચેના પ્રશ્નો માટે આપેલ વિકલ્પોમાંથી એક, બે, ત્રણ કે ચાર સાચા હોઈ શકે. તેમાંથી કયા કયા વિકલ્પો સાચા છે તે લખો.**

**Marks: 5**

ઉદાહરણ: જૈન રામાયણ અનુસાર કોનો જીવ તીર્થંકર બનવાનો છે? b, d

(a) હનુમાનજી (b) લક્ષ્મણજી ✓ (c) સીતાજી (d) રાવણ ✓

૧. આસ્રવ કેવો છે? ....................................................

(a) આત્માનો ઘાતક છે (b) આત્માનુભવ સહિત છે (c) સંપૂર્ણપણે અજીત છે (d) અખંડ ઈંડાની જેમ જગતના જીવોને ઘેરી રહેલ છે

૨. મિથ્યાત્વનો નાશ થતાં આગળ શું શું થાય છે? ......................................................

(a) જ્ઞાનજ્યોતિની સવાઈ વૃદ્ધિ થાય છે (b) અંતરંગમાં દ્રવ્યકર્મ-ભાવકર્મનું દુઃખ કાંઈ અસર કરતું નથી

(c) પુદ્‌ગલનો અને જિનનો મહિમા ટળે છે, નિજનો મહિમા આવે છે. (d) દેશવ્રત, મહાવ્રતાદિ ગ્રહણ કરે છે, પૂર્ણ અવસ્થા પ્રાપ્ત કરે છે

3. ભેદજ્ઞાનના અભાવમાં જીવ શું કરે છે? ......................................................

(a) પરમાં એકત્વ-મમત્વ (b) પોતાને વિકારરૂપ માને છે (c) શરીરાદિથી બંધાય છે (d) શુભાશુભથી ભિન્નતા

૪. દસમા છંદમાં આત્મરસી બનારસીદાસજીએ ભેદજ્ઞાનની ક્રિયા માટે આમાંથી કયાં દૃષ્ટાંત આપ્યાં છે? ......................................................

(a) ધૂળધોયો - ધૂળ - સોનું, ચાંદી (b) ફટકડી - કાદવ - નિર્મળ પાણી (c) રાજા - તલવાર - મ્યાન (d) હંસ - પાણી - દૂધ

૫. ભેદજ્ઞાનના ફાયદા શું છે? ................................................

(a) સ્વગુણ-પરગુણ જાણી તે તરફથી દૃષ્ટિ હટે છે (b) શુદ્ધાત્માનુભવમાં સ્થિર રહે છે

(c) સહજ, સતત સ્વરૂપાનુસંધાન રહે છે (d) અનંત કાળ સુધી અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે

**(II) નીચેનાં કથનોમાં લીટી કરેલા શબ્દને બદલે કયો શબ્દ હોય તો તે કથન સાચું થાય તે લખો.** **Marks: 5**

દા. ત. સાધક પાસે <u>શાસ્ત્રજ્ઞાન</u> હોવું જરૂરી છે. જવાબ: <u>ભેદજ્ઞાન</u>

૧. અવિરતી સમ્યગ્દૃષ્ટિના ચારિત્રને <u>મિથ્યા ચારિત્ર</u> કહેવાય છે. ............................................

૨. સમાજમાં <u>કથાનુયોગનો</u> અભ્યાસ ઓછો થાય છે, અને તે પણ લગભગ શબ્દજ્ઞાન સુધી જ. ............................................

3. <u>ક્ષેત્રની</u> નિકટતા એ જ્ઞાનીની ખરી નિકટતા છે. ............................................

૪. <u>સંવરના</u> મહિમાથી સંવર પ્રગટે છે. ............................................

૫. સ્વભાવ કદી છૂટતો નથી, વિભાવ કદી <u>જતો</u> નથી. ............................................

**(III) નીચે આપેલ દૃષ્ટાંતોના પરમાર્થમાં ખાલી જગ્યા પૂરો.** **Marks: 5**

૧. દૃષ્ટાંત - પુત્રનાં લક્ષણ પારણેથી
પરમાર્થ - આપણું .............................. કેટલું સમ્યક્ છે તે નક્કી કરશે કે સમકિત ક્યારે થશે.

૨. દૃષ્ટાંત - બ્રહ્મચર્યનો રસ - બ્રહ્મચારીનો સંગ
પરમાર્થ - .................................ના સંગમાં જ્ઞાનભાવને પોષણ મળતું જ રહે છે.

૩. દૃષ્ટાંત - અત્તરની બોટલ - સુગંધ - બૂચ
પરમાર્થ - સ્વરૂપ ભાગી નથી ગયું કે નષ્ટ નથી થયું, ..................................ના કારણે તે અનુભવાતું નથી.

૪. દૃષ્ટાંત - પથ્થર - ધોધ - બુંદ - કાણું
પરમાર્થ - આત્માર્થીએ આત્મલગનીથી ચૈતન્યનો ................................. અભ્યાસ કરવો જરૂરી છે.

૫. દૃષ્ટાંત - સમુદ્ર - મેલું મોજું
પરમાર્થ - વિકાર વખતે ..................................... તરફ ઝૂકવાનો પુરુષાર્થ કરવો.

૬. દૃષ્ટાંત - ગંગાસ્નાન - ફિસલ જાને સે મોક્ષ
પરમાર્થ - .....................................ની સંભાળ લેવાથી મોક્ષ થાય.

૭. દૃષ્ટાંત - ક્રિકેટ - ૧૦ બૅટ્સમેન - ૧૦ બૉલ
પરમાર્થ - .......................................નો નાશ અંતર્મુહૂર્તમાં થઈ શકે.

૮. દૃષ્ટાંત - નાણાં આપવાનો સ્વીકાર - નાણાં ચૂકવે - શાહુકાર
પરમાર્થ - શ્રીગુરુ વડે પોતાના શુદ્ધ સ્વભાવનો સ્વીકાર એ .................................. શ્રદ્ધા છે.

૯. દૃષ્ટાંત - ટીચર - અંબાણી - વધુ ધનવાન
પરમાર્થ - ભેદજ્ઞાનના અભાવમાં મૂર્ખ જીવ પોતાને ............................. જેટલો જ માને છે.

૧૦. દૃષ્ટાંત - રાજા - તંબુ - કરચલી
પરમાર્થ - જો મન થોડી પ્રતિકૂળતામાં વિચલિત થઈ જતું હોય તો .................................. વખતે તેનાં પરિણામ કેવાં થશે?

**(IV) નીચેના પ્રશ્નોના થોડાક શબ્દોમાં જવાબ લખો.** **Marks: 5**

૧. સંવર અધિકારને કયો અધિકાર પણ કહેવાય છે? ........................................................

૨. હું આત્મા છું એ અબોધતા ઉપરાંત કયા મિથ્યાબોધને કારણે જીવની શોધ અટકે છે? ........................................................

૩. બીજા છંદમાં આત્મરસી બનારસીદાસજીએ શેના વેશમાં આવતા જ્ઞાનરૂપી સૂર્યને નમસ્કાર કર્યા છે? ........................................................

૪. પૂજ્ય ગુરુદેવશ્રીએ શેને ધર્મની નક્કર ભૂમિકા કહી? ........................................................

૫. પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મલક્ષ વિનાના વૈરાગ્યને કેવો કષાય કહ્યો? ........................................................

**(V) નીચેનું કથન સાચું છે કે ખોટું તે લખો. ખોટું હોય તો તેનું કારણ દર્શાવો.** **Marks: 5**

૧. આપણી દૃષ્ટિ ભેદજ્ઞાનરૂપ અધૂરી પર્યાય પર નહીં, પણ મોક્ષરૂપ પૂર્ણ પર્યાય પર હોવી જોઈએ.

......................................................................................................................................................................................................

૨. ચૈતન્યપહાડમાંથી ભેદજ્ઞાન વડે જ્ઞાયકસ્વભાવને બાદ કરવાથી પરમાત્મા પ્રગટે છે.

........................................................................................................................................................................................................

૩. જીવ-અજીવ સિવાયનાં બીજાં પાંચ તત્ત્વ જગતનું જ્ઞાન કરાવે છે.

........................................................................................................................................................................................................

૪. આત્મભાવને કારણે શરીરે પીડા જ ઉત્પન્ન થતી નથી, તેથી આત્માર્થી દુઃખી થતો નથી.

........................................................................................................................................................................................................

૫. શરીરના ચિહ્ન વડે જ્ઞાની ઓળખી શકાય.

........................................................................................................................................................................................................

**(VI) આગમ અને અધ્યાત્મ સંબંધી નીચેનું ચોકઠું ભરો.** **Marks: 5**

| મુદ્દો | આગમ | અધ્યાત્મ |
|---|---|---|
| ૧. શેને જાણવા | | આત્માને |
| ૨. હેતુ | આત્માની પ્રેરણા | |
| ૩. કયા નયથી નિરૂપણ | | નિશ્ચયનયની પ્રધાનતાથી |
| ૪. દ્રવ્ય કે પર્યાય | દ્રવ્ય અને પર્યાય | |
| ૫. શા માટે | | પ્રયોજનભૂત વાત |
| ૬. વિષય | છ દ્રવ્ય | |
| ૭. શેની સિદ્ધિ | | આત્મસ્વરૂપની |
| ૮. શેની વાત | જ્ઞેય, હેય, ઉપાદેયની | |
| ૯. વિષયની સંખ્યા | | એક |
| ૧૦. શેને પુદ્‍ગલ કહે | જડને | |

**(VII) એક વાક્યમાં જવાબ લખો.** **Marks: 10**

૧. સર્વાર્થસિદ્ધના દેવો ૩૩ સાગરોપમ સુધી શું કરે છે? છતાં તેઓ શું બદલી નથી શકતા, જે એક સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ કરી શકે છે?

........................................................................................................................................................................................................

૨. હું શરીર કે શુભાશુભ ભાવ નથી એ ભેદજ્ઞાનને પૂજ્ય ગુરુદેવશ્રીએ અડધો પુરુષાર્થ કહ્યો. બાકીનો પુરુષાર્થ શું છે?

........................................................................................................................................................................................................

૩. જીવ દ્રવ્ય, જીવ તત્ત્વ અને જીવ પદાર્થમાં શું ભેદ છે?

........................................................................................................................................................................................................

૪. ભેદજ્ઞાનને શુદ્ધ શા માટે કહ્યું અને તેને નિરાબાધ શા માટે કહ્યું?

........................................................................................................................................................................................................

૫. પૂજ્ય ગુરુદેવશ્રીએ મિથ્યાત્વના નાશનો સાચો અર્થ શું સમજાવ્યો?

........................................................................................................................................................................................................

૬. જિનવાણી માતા ચાર અનુયોગની જુદી-જુદી શૈલીનો ઉપયોગ કેમ કરે છે?

........................................................................................................................................................................................................

૭. દેહનું બહુ મમત્વ હશે તો તેના ફળરૂપે કઈ ગતિ વિષે પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણને ચેતવ્યા? તે ગતિમાં એક શ્વાસ જેટલા સમયમાં જીવ કેટલા દેહ પ્રાપ્ત કરે છે?

..............................................................................................................................................................................................

૮. પૂજ્ય ગુરુદેવશ્રીએ કેવળજ્ઞાનરૂપી ભડકો થવા માટે આપેલ દૃષ્ટાંતમાં દીવાસળીનું ટોપચું એટલે ચૈતન્ય સ્વભાવ. દીવાસળીનું ખોખું એટલે શું અને દીવાસળીનો પાછળનો ભાગ એટલે શું?

..............................................................................................................................................................................................

૯. પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણો પર્પઝ (ધ્યેય) શોધવા માટે શું માર્ગદર્શન આપ્યું? પ્રોસેસ (પ્રક્રિયા) સંબંધી કોઈ પણ ક્રિયા કરતાં પહેલાં શું તપાસવું?

..............................................................................................................................................................................................

૧૦. પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણને જાગૃત કરવા અનુભવપ્રકાશ ગ્રંથની કઈ વાતનો ઉલ્લેખ કર્યો?

..............................................................................................................................................................................................

**(VIII) મીમાંસા - ભેદજ્ઞાન** **Marks: 10**

૧. પિતા - પુત્ર - લાડુ. ટૂંકમાં દૃષ્ટાંત લખી ભેદજ્ઞાન માટે કેવો નિર્ણય હોવો જોઈએ તે સમજાવો . - 2 marks

..............................................................................................................................................................................................

..............................................................................................................................................................................................

..............................................................................................................................................................................................

૨. ગરીબ કન્યા - કરોડપતિ. આ દૃષ્ટાંતનો માત્ર પરમાર્થ લખો. - 1 mark

..............................................................................................................................................................................................

..............................................................................................................................................................................................

3. પ્રજ્ઞાછીણી અને વિવેક હથોડી દ્વારા આત્માર્થીએ કઈ સંધિ તોડવાની છે? - 1 mark

..............................................................................................................................................................................................

૪. આત્મરસી બનારસીદાસજીએ આપેલ દૃષ્ટાંતમાં ધોબી, સાબુ, જળ અને વસ્ત્ર એટલે શું? - 2 marks

..............................................................................................................................................................................................

..............................................................................................................................................................................................

૫. ભેદજ્ઞાનથી મોક્ષ સુધીની કારણ-કાર્ય પરંપરા લખો. - 1 mark

..............................................................................................................................................................................................

૬. ભેદજ્ઞાન હેયરૂપ છે એમ બતાવનાર સાતમા છંદનો ગૂઢાર્થ શું છે? - 1 mark

..............................................................................................................................................................................................

૭. બ્રહ્મચારી - સ્વસ્ત્રી - પરસ્ત્રી. ટૂંકમાં દૃષ્ટાંત લખી તેનો પરમાર્થ સમજાવો. - 2 marks

..............................................................................................................................................................................................

..............................................................................................................................................................................................

..............................................................................................................................................................................................

* * *